ઇસનપુર પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર

ફોન નં. ૦૭૯- ૨૫૪૩૦૧૮૦

Email.ID-polstn-isanpur-ahd@gujarat.gov.in


# PRESS NOTE

## ઇસનપુર પોલીસ સ્ટેશન

### ગુમ થયેલ પંદર વર્ષના બાળકને ગણતરીના કલાકમા શોધી કાઢી તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ

ગઇ કાલ તા.૦૧/૧૨/૨૦૧૯ ના રોજ એક ઇસમ નામે ઇલીયાસભાઇ કાસમભાઇ શેખ ઉ.વ.૪૩ રહે- ગલી ન-૩ ગુલસનનગર મીરાનગરની પાછળ નારોલ રોડ બોમ્બે હોટલ પાછળ ઇસનપુર અમદાવાદ શહેરનાઓએ આવી જાહેર કરેલ કે પોતાનો દિકરો અયાન ઉ.વ ૧૫ નાનો સાંજના પાંચેક વાગે બહાર રમવા માટે જવાનુ કહીને ગયેલ અને તે ઘરે પરત આવેલો નહી અને આજુબાજુમા તથા સગા સબંધીઓમા તપાસ કરતા મળી આવેલ નહી અને પોતે પોતાના આ દિકરાને ભણવા બાબતે અવાર નવાર ઠપકો આપતા હોવાની હકિકત જણાવતા તેઓની ફરીયાદ લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન-૧૮૭/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ કરી આ ગુમ થયેલ બાળકને શોધી કાઢવા સારૂ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબે સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા "સી" ટીમને જુદી-જુદી ટીમો બનાવી જુદીજુદી દિશાઓમા તપાસ કરી ગુમ થયેલ બાળકને શોધી કાઢવાની સુચના આપતા તેઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ તથા "શી"ટીમની જુદીજુદી ટીમો પાડી ગુમ થયેલ બાળકનો ફોટો દરેક કર્મચારીના મોબાઇલ ફોનમા વોટ્સએપથી આપી આજુબાજુના વિસ્તાઓમા તથા રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તથા મોટી દરગાહો ઉપર તપાસ કરવા માટે રવાના કરેલ અને જુદીજુદી જગ્યાઓએ રાતભર તપાસ કરતા આ બાળક બાબતે કોઇ ભાળ મળેલ નહી પરંતુ સવારના શાહઆલમ દરગાહમા તપાસ કરતા ગુમ થયેલ બાળક દરગાહમા આવતા ત્યાથી મળી આવતા બાળકનો કબ્જો તેના વાલીને હેમખેમ સોપી સારી કામગીરી કરેલ છે આ કામગીરી કરવામા સર્વેલન્સ સ્કોડ તથા "શી" ટીમ હતા

તા ૦૨/૧૨/૨૦૧૯

